સમાજ સુરક્ષા ખાતાની દિવ્યાંગ ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાના કર્મચારીઓનું ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
હુકમ ક્રમાંક- અપગ/૧૦૨૦૨૦/૩૧૫૪૭૪/છ.૧
સચિવાલય, ગાંધીનગર
તા.૨૪/૦૯/૨૦૨૦.

વંચાણે લીધા:-

(૧) નામદાર હાઈકોર્ટની એસ.સી.એ.નં. ૯૫૧૬/૨૦૧૮નો તા.૧૨/૧૨/૨૦૧૮નો ચુકાદો અને તે અન્વયે થયેલ કન્ટેમ્પ્ટ પીટીશન નં: ૪૫૦/૨૦૧૯ તેમજ એસ.સી.એ.નં. ૪૪૬૨/૨૦૧૯નો તા.૦૮/૦૪/૨૦૧૯નો ચુકાદો અને તે અન્વયે થયેલ કન્ટેમ્પ્ટ પીટીશન નં: ૧૧૯૦/૨૦૧૯ અને એસ.સી.એ. નં.૭૧૭૧/૨૦૨૦નો તા.૦૮/૦૬/૨૦૨૦નો ચુકાદો.

(૨) નાણાં વિભાગનો તા.૧૬/૦૮/૧૯૯૪નો ઠરાવ ક્રમાંક:પગર/૧૧૯૪/૪૫/મ.

(૩) નાણાં વિભાગનો તા.૧૪/૦૮/૧૯૯૮નો ઠરાવ ક્રમાંક:પગર/૧૦૯૮/૪૧/મ.

(૪) નાણાં વિભાગનો તા.૦૨/૦૭/૨૦૦૭નો ઠરાવ ક્રમાંક:પગર/૧૦૨૦૦૭/૬૧૫/મ.

(૫) નાણાં વિભાગનો તા.૧૮/૦૨/૨૦૧૧નો ઠરાવ ક્રમાંક:પગર-૧૦૨૦૦૯-૫૬/પ.એ.(મ).

(૬) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો સરખા ક્રમાંકનો તા.૦૪/૦૯/૨૦૨૦નો હુકમ.

(૭) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો સરખા ક્રમાંકનો તા.૦૮/૦૯/૨૦૨૦નો હુકમ.

(૮) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૦૫/૦૨/૨૦૨૦ના પત્ર ક્રમાંક :અપગ/૧૦૨૦૧૮ /૪૯૪૩૩૦/છ.૧.

(૯) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૧૮/૦૭/૨૦૨૦ના પત્ર ક્રમાંક: અપગ/૧૦૨૦૨૦/ ૧૯૪૭૯૮ /છ.૧

(૧૦) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૨૮/૦૫/૨૦૦૪નો ઠરાવ ક્રમાંક:મકમ-૧૦૨૦૦૪-ખા-૬૩-છ.

(૧૧) નાયબ નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો તા.૨૧/૦૮/૨૦૨૦નો જા.નં.અપગ/૨૦-૨૧/૫૭૦.

(૧૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો તા.૨૨/૦૯/૨૦૨૦નો પત્ર જા.નં.અપગ/૨૦-૨૧/૬૧૦.

(૧૩) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો તા.૨૨/૦૯/૨૦૨૦નો પત્ર જા.નં.અપગ/૨૦-૨૧/૬૧૧.

(૧૪) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો તા.૨૨/૦૯/૨૦૨૦નો પત્ર જા.નં.અપગ/૨૦-૨૧/૬૧૨.

હુકમ:-

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરની પીટીશનોના નામ. હાઈકોર્ટના ચુકાદાઓ અન્વયે વંચાણે લીધેલ ક્રમાંક (૮) અને (૯) પરના વિભાગોના પત્રોથી આ પીટીશનોના પીટીશનર ગ્રાન્ટ ઈન એઇડ સ્વૈચ્છિક સંસ્થાઓના શિક્ષકો/કર્મચારીઓને ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવાની સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવેલ છે, જે અન્વયે નાયબ નિયામકશ્રી, સમાજ સુરક્ષા દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૧૧) પરના પત્રથી આ પીટીશનરો પૈકી કુલ-૮૯ પીટીશનરોનું ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવા બાબતે દરખાસ્ત કરવામાં આવેલ. તા.૨૧/૦૮/૨૦૨૦ના રોજ વંચાણે લીધેલ ક્રમાંક (૧૦) પરના વિભાગના તા.૨૮/૦૫/૨૦૦૪ના ઠરાવ અન્વયે અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ની અધ્યક્ષ સ્થાને વિભાગના સમિતિ ખંડમાં બેઠક યોજાયેલ હતી. સમિતિ દ્વારા કેસો પરત્વે થયેલ ભલામણો નાણા વિભાગને સમર્થન આપવા દરખાસ્ત કરતાં નાણા વિભાગ દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૨) થી (૫) તેમજ નાણા વિભાગના ઉચ્ચતર પગાર ધોરણના વખતો-વખતના ઠરાવોની અનુસૂચિ-૧ મુજબનું પગાર ધોરણ ઉચ્ચતર પગાર ધોરણ તરીકે સ્પષ્ટતા / શરતો સાથે મંજૂર કરવા મંજૂરી આપેલ છે, જે અન્વયે વંચાણે લીધેલ ક્રમાંક (૬) પરના વિભાગના સરખા ક્રમાંકના તા.૦૪/૦૯/૨૦૨૦ના હુકમથી કુલ ૭૫ કર્મચારીઓનું ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવામાં આવેલ છે તેમજ વંચાણે લીધેલ ક્રમાંક (૭) પરના વિભાગના સરખા ક્રમાંકના તા.૦૮/૦૯/૨૦૨૦ના હુકમથી ૯ કર્મચારીઓનું ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવામાં આવેલ છે. કુલ-૮૯ પીટીશનરોનું ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવા બાબતની દરખાસ્ત પૈકી બાકી રહેલ ૩ કર્મચારીઓ બાબતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૧૪) પરના પત્રથી સ્પષ્ટતા મોકલી આપવામાં આવેલ છે, જે અન્વયે નીચેના કોષ્ઠકમાં દર્શાવેલ ૧ કર્મચારીનું તેઓના નામ સામે દર્શાવેલ કોલમ (૪) મુજબ કોલમ (૫)માં દર્શાવેલ તારીખથી ઉચ્ચત્તર પગાર ધોરણ આથી મંજૂર કરવામાં આવે છે.

| ક્રમ | નામ અને હોદ્દો | મળવાપાત્ર ઉચ્ચતર પગાર ધોરણ | પગાર ધોરણ | ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર તારીખ/રીમાર્ક્સ |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (3) | (૪) | (૫) |
| ૧ | પ્રકાશભાઈ જે. મંકોડી, બ્રેઈલ શિક્ષક | દ્વિતીય | ૬૫૦૦-૧૦૫૦૦ | ૨૭/૧૦/૧૯૯૮ |

શ્રી પ્રકાશભાઈ જે. મંકોડીની સર્વિસ બુક જોતાં તેઓને સમાજ સુરક્ષા ખાતુ, અમદાવાદના તા.૧૫/૦૫/૧૯૭૯ના હુકમથી તા.૨૭/૧૦/૧૯૭૮થી ૪૪૦-૬૪૦ પગાર ધોરણ મંજૂર કરેલ છે, જેથી પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ તા.૨૭/૧૦/૧૯૮૭થી મળવાપાત્ર થાય

છે અને જે અનુસાર દ્રિતિય ઉચ્ચત્તર પગાર ધોરણ તા.૨૭/૧૦/૧૯૯૮થી મળવાપાત્ર થાય, જે સમિતિએ મંજૂર કરેલ તારીખ કરતાં પાંચ માસ જેટલું મોડુ છે, જેથી તા.૨૭/૧૦/૧૯૯૮થી દ્રિતિય ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવામાં આવે છે અને પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ સુધારવા માટે નિયામકશ્રી, સમાજ સુરક્ષાએ જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

વંચાણે લીધેલ ક્રમાંક (૬) પરના વિભાગના સરખા ક્રમાંકના તા.૦૪/૦૯/૨૦૨૦ના હુકમથી શ્રી જેચંદભાઈ કે. પટેલ, મદદનીશ શિક્ષકને તા.૩૧/૧૨/૨૦૧૩ પહેલા તા.૦૧/૦૬/૨૦૦૭ના રોજ ૫૦ વર્ષ પૂર્ણ થતા હોય તા.૦૧/૦૬/૨૦૦૭ થી દ્રિતીય ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવામાં આવેલ છે, જે અન્વયે નિયામકશ્રી, સમાજ સુરક્ષા દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૧૩) પરના પત્રથી હિસાબી અધિકારી, પગાર ચકાસણી એકમ, ગાંધીનગર તા.૧૪/૦૯/૨૦૨૦ના પત્રના વાંધા પત્રમાં જણાવ્યા મુજબ સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૦૭/૨૦૧૩ના ઠરાવ તથા નાણા વિભાગના તા.૦૩/૧૧/૨૦૧૫ના પત્ર ક્રમાંક પગર/૧૦૨૦૧૫/ઓ/૫૫૦/મ થી તા.૩૦/૦૬/૨૦૧૩ પહેલા ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર હોય તે કર્મચારીને તા.૩૧/૧૨/૨૦૧૩ સુધી ૫૦ વર્ષ પૂર્ણ કરે તો તે કેસમાં પાત્રતા તારીખથી ઉચ્ચત્તર પગાર ધોરણ થાય, તે મુજબ સુધારા હુકમ કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે, જે અન્વયે આ કર્મચારી માટે તેઓના નામ સામે દર્શાવેલ કોલમ (૪) મુજબ કોલમ (૫)માં દર્શાવેલ તારીખથી ઉચ્ચત્તર પગાર ધોરણ સુધારીને આથી મંજૂર કરવામાં આવે છે.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | શ્રી જેચંદભાઈ કે. પટેલ, મદદનીશ શિક્ષક | દ્રિતીય | ૯૩૦૦- ૩૪૮૦૦ ગ્રેડ પે- ૪૬૦૦ | ૦૧/૧૦/૨૦૦૬ |

નાયબ નિયામકશ્રી, સમાજ સુરક્ષા દ્વારા વર્ગ-૨ સંવર્ગના દ્વિતીય ઉ.પ.ધો.મંજૂર કરવા મોકલેલ દરખાસ્તમાં શરતચૂકથી ક્રમ નં. ૪૨ પર ચંદ્રિકાબેન એમ. ત્રિવેદી, મદદનીશ શિક્ષકને બદલે ચંદ્રિકાબેન એસ. ત્રિવેદી, મદદનીશ શિક્ષક લખેલ હોઈ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૬) પરના વિભાગના સરખા ક્રમાંકના તા.૦૪/૦૯/૨૦૨૦ના હુકમમાં ક્રમ નં. ૩૭ પર ચંદ્રિકાબેન એસ. ત્રિવેદી, મદદનીશ શિક્ષક લખાયેલ છે, જે અંગે હિસાબ અને તિજોરી નિયામક કચેરી, ગાંધીનગરે તા.૧૪/૦૯/૨૦૨૦ના પત્રથી વાંધો આપેલ હોઈ, સદરહુ વાંધા પુર્તતા અર્થે ક્રમ નં. ૩૭ પર ચંદ્રિકાબેન એમ. ત્રિવેદી, મદદનીશ શિક્ષક નામમાં સુધારો કરી આપવા બાબતની નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગર દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૧૨) પરના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ છે, જે અન્વયે વંચાણે લીધેલ ક્રમાંક (૬) પરના વિભાગના સરખા ક્રમાંકના તા.૦૪/૦૯/૨૦૨૦ના હુકમમાં ક્રમ નં. ૩૭ પર ચંદ્રિકાબેન એસ. ત્રિવેદી, મદદનીશ શિક્ષકની જગ્યાએ ચંદ્રિકાબેન એમ. ત્રિવેદી, મદદનીશ શિક્ષક એમ સુધારો કરવામાં આવે છે.

— 4 —

વંચાણે લીધેલ ક્રમાંક (૨) થી (૫) પરના તેમજ વખતો-વખતના નાણા વિભાગના ઠરાવની જોગવાઈને આધીન રહીને પગાર બાંધણી અંગેના વિધિસરના હુકમો નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરે કરવાના રહેશે.

ઉક્ત તમામ કર્મચારીઓ પાસેથી "તેઓને મળેલ ઉચ્ચતર પગાર ધોરણ, જો પગાર બાંધણી વખતે કે ત્યારબાદ વધું રકમનું ચુકવણું થયેલ હોવાનું જણાશે, તો તે ચુકવણું પરત કરશે" તે મુજબની બાંહેધરી લેવાની રહેશે.

ઉક્ત તમામ ગ્રાન્ટ ઈન એઈડ કર્મચારીઓ સરકારી કર્મચારી જેવા જ લાભો મેળવતા હોઈ, સરકારી કર્મચારીઓને લાગુ પડતાં સેવા વિષયક નિયમો જેવા કે, શિસ્ત અને અપીલ નિયમો, બદલી, રજા, ખાનગી અહેવાલો તથા અન્ય નિયમો સરકારશ્રી નક્કી કરે તે પ્રમાણે બંધનકર્તા રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૩૧/૦૮/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

patelDC

( ડી. સી. પટેલ )
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (સેવા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ ( મારફતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા )
- સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ ( મારફતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા )
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- સંબંધિત કર્મચારીઓ ( નિયામકશ્રી, સમાજ સુરક્ષા મારફત )
- ના.સે.અ. સિલેક્ટ ફાઇલ.
- શાખા સિલેક્ટ ફાઇલ.